# સંતભગવંત સાહેબજી સંગે બ્રહ્મજ્યોતિમાં ભક્તિભાવની દીપજ્યોતિ




**નૂતન** મંદિર નિર્માણ વર્ષ નિમિત્તે દિવાળીનાં પર્વો બ્રહ્મજ્યોતિના આંગણે ઊજવવાનો સહજ સૌને ઉમંગ હતો. સંતભગવંત સાહેબજીની દિવ્ય સંનિધિને પણ માણવા હજારો અક્ષરમુક્તો બ્રહ્મજ્યોતિ પધાર્યા. બ્રહ્મજ્યોતિની તપોભૂમિ ધજા-પતાકા, લહેરાતા ઝંડા, રોશનીની ઝગમગાટ અને કલાત્મક રંગોળીઓથી સજાવી દેવાઈ હતી. સઘળી વ્યવસ્થાઓ સંતોએ ભક્તોના સાથથી ગોઠવી દીધી હતી.

૨૪ ઑક્ટોબર, એકાદશીના શુભ પવિત્ર દિવસે મંદિરમાં દર્શનદાન દેતા શ્રી ઠાકોરજી સમક્ષ કલાત્મક ઢબે શ્રી લક્ષ્મીજી, શ્રી ગણેશજી, શ્રી શારદા દેવી, પૂજાનાં પાન, કૅલેન્ડર, પ્રસાદ, દીપમાળ આદિ સજાવાયું હતું. આ કલાત્મક શોભા નૂતન મંદિર અને સંતભગવંત સાહેબજીના અષ્ટ દશાબ્દી મહોત્સવની ઝાંખી પણ કરાવી રહી હતી. ભક્તોની ચિક્કાર મેદનીથી મંદિર ધબકી રહ્યું હતું અને તેવામાં સૌની પ્રાર્થના ઝીલતા સંતભગવંત સાહેબજી સદ્‌ગુરુ સંતો સાથે પધાર્યા. પૂ. અશ્વિનદાદાએ શ્રી ઠાકોરજીનાં પૂજન કર્યાં ને કાર્યક્રમ આરંભાયો. સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતો તેમજ અન્ય વડીલ વ્રતધારી સંતોએ તમામ પ્રસાદીની સામગ્રીઓનાં પૂજન કર્યાં. ત્યારબાદ કલાત્મકતા સાથે સજાવાયેલ દીપમાળ પ્રગટાવી સંતભગવંત સાહેબજી અને સંતોએ પ્રકાશપર્વોને ખુલ્લાં મુક્યાં. બ્રહ્મજ્યોતિથી બ્રહ્મપ્રકાશ સર્વત્ર પ્રસરે અને તે દ્વારા સહજ સૌનું મંગલ અને ઈષ્ટ થાય તેવી શુભ પ્રાર્થના સાથે સંતોએ દીપપ્રાગટ્ય કર્યાં. મંત્રપુષ્પાંજલિ દ્વારા પ્રાર્થનાઓ ધરાઈ અને તે જ ભાવના આશીર્વાદ સ્વરૂપે પૂ. અશ્વિનદાદા, પૂ. શાંતિદાદા અને સંતભગવંત સાહેબજીએ પણ વહાવી. અંતે આરતી અર્પણ થઈ. ◆

## શ્રી અષ્ટમહાલક્ષ્મી પૂજનમ્

૨૫ ઑક્ટોબર, શ્રી ધન ત્રયોદશીની પાવન સંધ્યાએ વર્ણીકુંજમાં શ્રી અષ્ટમહાલક્ષ્મી પૂજનવિધિ યોજાઈ. અનેક ભક્તો યજમાન સ્વરૂપે બિરાજ્યા. સભામંડપની સુંદર અને સુવ્યવસ્થિત શોભા માણી સહજ જ અક્ષરધામની અનુભૂતિ થતી હતી. નૂતન મંદિર નિર્માણ સેવાકાર્યમાં શ્રી લક્ષ્મીજીની અપાર કૃપા રહે તેવી ભાવનાથી મંદિરની પ્રતિકૃતિ શ્રી લક્ષ્મી દેવી સમક્ષ સુશોભિત કરાઈ હતી. 'આખું વર્ષ પુરુષાર્થ કરીને કમાણી સ્વરૂપે જે પ્રાપ્ત થયું છે, તેનો દસમો કે વીસમો ભાગ પ્રભુપ્રીત્યર્થે કાઢવાથી તે શુદ્ધ થાય અને મનુષ્યને સહજ આનંદની પ્રાપ્તિ થાય.' પૂજાવિધિ પ્રારંભે આવાં સુંદર માર્ગદર્શન સાથે પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવ્યા. અનુપમ સૂરવૃંદના સંતોને ખેસ અર્પણ કરી પૂજાવિધિ કરાવવાનો અધિકાર અપાયો. શાસ્ત્રોક્ત સમજણેયુક્ત શ્રી અષ્ટમહાલક્ષ્મી પૂજનનો વિધિ, સંતોના મુખેથી નીકળતાં સ્વસ્તિ વચનો અને શ્લોક-મંત્રોચ્ચાર દિવ્યતાની અકલ્પનીય અનુભૂતિ




કરાવી રહ્યા હતા. ઉપસ્થિત સંતોએ યજમાનોના ભાલે પૂજન કરી, કંકણબંધન ને ખેસ અર્પણ કર્યાં. મુખ્ય યજમાન પૂ. હરસુખભાઈ અને ઘનશ્યામભાઈ બિરલાજીએ સંતભગવંત સાહેબજીનાં પૂજન કરી, પુષ્પહાર અર્પણ દ્વારા વંદનાઓ ધરી. યજમાનોએ પોતાની લક્ષ્મીજીને વિધિવત્ પાંચ પ્રકારનાં જળ દ્વારા સ્વચ્છ કરી પ્રભુચરણે ધરી. શ્રી ઠાકોરજીને થાળ અર્પણ થયા બાદ સંતભગવંત સાહેબજી સહિત સર્વે સંતોએ યજમાનોની લક્ષ્મીજીનાં પૂજન કરી પુષ્પવર્ષા દ્વારા આશિષ પ્રદાન કર્યા. સૌ આશ્રિતજનો આર્થિક રીતે સુખી બને અને તે લક્ષ્મી પ્રભુની સેવામાં અર્પણ કરવા ખૂબ બળ મળે તેવી વિશેષ પ્રાર્થનાઓ સંતોએ ધરી. શ્રી લક્ષ્મીપૂજનનાં આ દશ્યો અલૌકિક હતાં. સૌએ મહાઆરતી અર્પણ કરી ત્યારબાદ સંતભગવંત સાહેબજી દ્વારા સ્વહસ્તે લિખિત સંકલ્પનાં પઠન પૂ. ઉત્પલભાઈએ કર્યાં અને તેની ફલશ્રુતિ માટે સૌએ શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરી. સંતોનાં માર્ગદર્શને સ્વયંસેવક યુવાનોએ પૂજનવિધિની સુંદર વ્યવસ્થાઓ સાચવી.

સંતભગવંત સાહેબજીએ આશિષ પ્રદાન કર્યા કે, 'ભગવાન અર્થે સમર્પણ થાય તો ભગવાન આપણી જવાબદારી લે ! આવું સમર્પણ કરવાની તક મંદિરનિર્માણની સેવા દ્વારા આપણને મળી છે, તે આપણાં મોટા ભાગ્ય ! દસ ટકા, વીસ ટકા કે તેથીય વધુ ધર્માદો કરી સુખિયા થવાની તક મળી છે તો તેને સમજીએ અને સુખી થઈએ. પ્રાર્થના અને ભજનનો હિસાબ રાખીએ અને પ્રભુપ્રસન્નતા પામીએ ! હવે મૂર્તિ પ્રતિષ્ઠાને, પ્રભુ બિરજવાને છેલ્લા બે મહિના બાકી છે અને તેમાં જેટલું બને તેટલું સમર્પણ કરી લઈએ તે પ્રાર્થના !' પ્રભુસેવાના સંકલ્પો કરી મહાપ્રસાદનો આસ્વાદ માણી સૌ વિસર્જિત થયાં. ◆


પ્રભુચરણે અર્પિત યજમાનોની શ્રી લક્ષ્મીજીને સંતોનાં આશીર્દાન


શ્રી અષ્ટમહાલક્ષ્મી પૂજનવિધિમાં
બિરાજેલ યજમાનો તથા અક્ષરમુક્તો


શ્રી અષ્ટમહાલક્ષ્મી
પૂજનવિધિમાં
સંતભગવંત સાહેબજીનાં
દિવ્ય આશીર્દાન


શ્રી ધનત્રયોદશી પૂજામાં મહા આરતી અર્પણ

# સંતભગવંત પરમ પૂજ્ય સાહેબજીએ
# શ્રી લક્ષ્મી પૂજન અને શ્રી શારદા-સરસ્વતી પૂજન પ્રસંગે કરાવેલ સંકલ્પ... આશીર્વાદ...

હે શ્રી સ્વામિનારાયણ ભગવાન ! હે શ્રી ગુણાતીતાનંદ સ્વામીજી ! હે શ્રી ગોપાળાનંદ સ્વામીજી ! હે શ્રી ભગતજી મહારાજ ! હે શ્રી જાગા સ્વામી ! હે શ્રી કૃષ્ણજી અદા ! હે શ્રી શાસ્ત્રીજી મહારાજ ! હે શ્રી ગુરુદેવ યોગીજી મહારાજ ! હે શ્રી કાકાજી ! હે શ્રી પપ્પાજી ! હે શ્રી પ્રમુખ સ્વામી બાપા ! હે શ્રી મહંત સ્વામી મહારાજ ! હે શ્રી હરિપ્રસાદ સ્વામીજી ! હે શ્રી અક્ષરવિહારી સ્વામીજી ! હે શ્રી ગુરુજી ! હે શ્રી અશ્વિનભાઈ ! હે શ્રી શાંતિભાઈ ! હે શ્રી પ્રભુનાં સાકાર પ્રગટ સંત સ્વરૂપો !


## શ્રી લક્ષ્મીપૂજન

અહોહો ! આપે અમ સૌ પર કેવી મોટી કૃપા કરી છે ! આ આપના વ્હાલસોયા દીકરાઓ સમાન સંતોના સાંનિધ્યમાં શ્રી લક્ષ્મીજીનું પૂજન-અર્ચન કરી આપના ચરણે ધરવાની તક મળી છે ને જે દ્વારા તે પ્રાપ્ત કરતાં થયેલાં સારાં-ખોટાં કર્મો દ્વારા બંધાયેલાં પ્રારબ્ધને ધોઈ જીવનને કુટુંબે સહિત સુખ-સમૃદ્ધિમય બનાવવાની અદ્‌ભુત તક આપી છે. તો અમો સૌ ધન્ય બની રહ્યાં છીએ ! આપની પ્રાપ્તિના પ્રતાપે આ બન્યું છે. તો અમો સૌ આ પૂજામાં સંકલ્પ કરીએ છીએ કે, અમારી કમાણીનો દસમો ભાગ એટલે કે દશ ટકા અમારા ગુરુની આજ્ઞાથી આપની સેવામાં અહોહોભાવે આનંદપૂર્વક વરસોવરસ સમર્પિત કરીશું... સાથે સાથે આપની વિશેષ આજ્ઞા મુજબ અમારા જીવનનાં વરસોમાંથી પણ દસ ટકા આપની પૂજા-અર્ચના, ધૂન-સત્સંગ સભાઓ-સમૈયા ઉત્સવમાં હાજરી આપીને, સેવાઓમાં જોડાઈને, ગુરુઓની આજ્ઞા પ્રમાણેનાં કાર્યોમાં સમર્પિત કરી આયુષ્યનો પણ ધર્માદો જરૂરથી કરીશું... તે અમારો સંકલ્પ અમારા જીવનના વર્તનમાં આવે તેવું બળ-ઉત્સાહ-ઉમંગ જાગ્રતતા આપ આપશો. મોંઘામાં મોંઘો આ માનવદેવ આપે બક્ષિસમાં આપ્યો છે તેનાથી આપની અનન્ય પ્રસન્નતા આ રીતે આપની-ગુરુઓની આજ્ઞા પાળીને પ્રાપ્ત કરીએ ને જીવનને ધન્ય બનાવીએ તેવું અમો સૌનું જીવન બની રહે તે માટે અમો સૌ શ્રી સ્વામિનારાયણ મહામંત્રનો જાપ કરીએ છીએ...! ◆

## શ્રી શારદા-સરસ્વતીપૂજન

હે પ્રભુ ! આપની પ્રસન્નતા પ્રાપ્ત કરવા રૂપી સદાય નફાનો ધંધો કરતા રહી અમારા હિસાબી ચોપડામાં સંતોના યોગથી આપની પ્રસન્નતાનું જમાપાસું સદાય નવા વરસે વધતું જ રહે તેવો સત્સંગ-સેવા-પૂજા-પ્રાર્થના-ધૂન કરવા રૂપી વેપાર સરસ કરીએ તેવી જાગ્રતા સાથે વર્તવાનું બળ અર્પશો.

અમહિમા-ભાવફેર-ખટપટ-માથાકૂટ કરવારૂપી, સંતોની આજ્ઞામાં ઉદાસીન રહેવા રૂપી, સંપ-સુહૃદભાવ-એકતા રાખી, હળીમળી સેવા ન કરવા રૂપી, ટાણાની સેવા કરવાની તક મળે તો તે ચૂકી જવારૂપી કે સત્સંગસભામાં ન જવા રૂપી ખોટના ધંધામાં કદીય પડાય નહીં; કે જેથી આપની પ્રસન્નતા રૂપી જે નફો છે તે વધતો જ રહે ને ફળસ્વરૂપે આપની પ્રસન્નતારૂપી શ્રી



લક્ષ્મીજીનો વરસાદ વરસતાં હઠ-માન-ઈર્ષ્યા, મારું-તારું-કામ-ક્રોધાદિક દોષથી મુક્ત બની, આસક્તિ રહિત થઈ, આપના મૂર્તિના સુખમાં અખંડ રહેતા થઈએ તેવી કૃપા નવા વર્ષે વરસાવશો.

સાથે સાથે આ વરસે બધાં વરસો કરતાં વરસાદ પણ સો ટકા કરતાંય વધારે આપે કૃપા કરીને વરસાવી દીધો છે, જેથી સૌની ખેતી, નોકરી, ધંધો, વેપાર, ઉદ્યોગ પણ સારુંયે વર્ષ ખૂબ જ થાય... ને પરિણામે અમારા આ હિસાબી ચોપડામાં જમાપાસું આપે વરસાવેલા વરસાદ પ્રમાણે વરસીને છલકાઈ જાય... જેમાંથી અમારા ગુરુની આજ્ઞા પ્રમાણે દસ ટકા કે વીસ ટકા આપની સેવામાં અર્પણ કરી પરલોકના ચોપડામાં પણ અમારું જમા પાસું છલકાવતા રહીએ તેવું વર્તવાનું બળ-જાગ્રતતા પણ અર્પશો તે પ્રાર્થનાઓ છે !

વ્યાવહારિક રીતે, આધ્યાત્મિક રીતે સદાય નફાનો ધંધો થાય ને અમો સૌ કુટુંબે સહિત સર્વ રીતે તન-મન-ધન અને આત્માથી પરમ સુખિયા બની રહીએ તેવી વિશેષ કૃપા કરશો.

આ પૂજામાં બિરાજમાન, આ પૂજાનાં દર્શન કરનાર સૌ મુક્તો, સેવા કરનાર, પૂજા કરાવનાર, તેમાં અર્પણ કરી ધન્ય બનનાર સૌ મુક્તોને દેશ-પરદેશમાં આપના સાંનિધ્યમાં શ્રી લક્ષ્મીપૂજન, શ્રી શારદાપૂજન, શ્રી અન્નકૂટ અર્પણ વિગેરે સમૈયા ઊજવી ભક્તિ અદા કરનાર, સેવા કરનાર સૌ મુક્તોને હે પ્રભુ ! આપ કૃપા વરસાવી કુટુંબે સહિત તન-મન-ધન અને આત્માથી પરમ સુખિયા રાખશો તે સંકલ્પ કરી આપે આપેલ મહામંત્ર સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... જાપ કરીએ છીએ.

સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! ◆





શ્રી અક્ષર ચૌદશના રોજ રંગોળી ઉત્સવમાં હૈયાના ભાવ કલાત્મક ઢબે પ્રસ્તુત કરતાં બાળકો, યુવાન-યુવતીઓ અને ભક્તો પર સાહેબજીની પ્રસન્નતા રૂપી આશિષવર્ષા






## રંગોળી ઉત્સવ

૨૬ ઑક્ટોબર, અક્ષર ચોદશનો દિવસ એટલે સૌનાં જીવન અક્ષર આનંદે સભર થાય તેવી પ્રાર્થનામાં ગુલતાન થવાનો દિવસ ! આ શુભ ભાવના તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર પ્રતિવર્ષ રંગોળીના રંગ અને કલાત્મક શોભા દ્વારા પ્રદર્શિત થાય છે. આ વર્ષે પણ યોગીપ્રસાદના પ્રાંગણમાં વિશાળ કુંડ ફરતે રંગોળી ઉત્સવ યોજાયો, જેમાં બાળકો, યુવાનો-યુવતીઓ, બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો. સહજ જ સૌની રંગોળીમાં મંદિર મહોત્સવ અને સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યપર્વનો ઉમંગ છલકાયો ! સંતભગવંત સાહેબજીએ સૌ ભક્તોની ભક્તિનાં દર્શન કરી પ્રસન્નતા રૂપી આશિષ વરસાવ્યા. પૂ. ગોપાલબાપા, પૂ. રતિકાકા અને પૂ. પૂનમદાદાએ આશિષ પાઠવી સૌની સરાહના કરી. રાત્રિસભામાં યુ.એન. એમ્બેસેડર શ્રીમાન વર્તન દ્વારા યુ.એન.ઓમાં થયેલ અનુપમ મિશનના વર્ણનના વિડિયો દર્શન અને પ્રાસંગિક ઉદ્‌બોધનને સૌએ માણ્યું. ◆

## શ્રી સરસ્વતી પૂજનમ્

૨૭ ઑક્ટોબર, દિવાળીની દિવ્ય પ્રભાતે માહાત્મ્યસભાના આનંદ બાદ શીતળ સંધ્યાએ વર્ણીકુંજના ભવ્ય સભામંડપમાં ખૂબ મોટી સંખ્યામાં ભક્તો શ્રી શારદા પૂજન અર્થે એકત્ર થયા. વર્ષાન્તનો આ દિવસ ક્ષમાપ્રાર્થના કરવાનો તો હતો જ, પરંતુ નવા વર્ષે નવા ઉમંગ, જોશ અને ભક્તિથી પ્રભુસેવામાં ગુરુવચને જોડાવાના સંકલ્પ કરવાનો પણ હતો. વળી, આરંભ થતા સંવત ૨૦૭૬માં ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રબોધિત 'શ્રી વચનામૃત' ગ્રંથ દ્વિશતાબ્દી વર્ષના આનંદને પણ સંતોએ સુશોભનમાં વ્યક્ત કર્યો. કલાત્મક ફૂલોની રંગોળી પર મુદ્રાનું વચનામૃત ઉઘાડીને શ્રી ઠાકોરજી અને ગુણાતીત સ્વરૂપો, દેવ મૂર્તિઓ સમક્ષ મુકાયું હતું, જે પાછળનો ભાવ હતો કે, શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના એટલે કે, સાધુદ્વારે પ્રગટ મળેલ પ્રભુના સ્વરૂપને વિશે જોડાઈ, મન-કર્મ-વચને નિર્દોષભાવ-માહાત્મ્યભાવે સેવાઓ કરી, સૌમાં પ્રભુનાં દર્શન કરી



યજમાનો દ્વારા શ્રી વહીઓનાં પૂજન





શ્રી વહીઓ પર સંતો દ્વારા આશિષવર્ષા







સુખિયા થવાનો ! આ સાધનામાં પ્રભુ બળ અર્પે, આશિષ દે તેવી યાચનાઓ સાથે શ્રી શારદાપૂજનવિધિનો આરંભ થયો. પ્રધાન આચાર્ય પૂ. શાંતિદાદાએ આશિષ પ્રદાન કર્યા કે, 'આજે અજ્ઞાન રૂપી અંધકાર ટાળવાનો દિવસ, તે માટે પ્રાર્થના કરવાનો દિવસ. પ્રભુ સંત રૂપે, સાહેબજી સ્વરૂપે મળ્યા છે તે મૂળ જ્ઞાન ને સારનો સાર ! તેના સ્વીકારને બળ મળે તો અજ્ઞાન ટળે. આપણા દોષો તો બળે જો આવા પ્રભુધારક સંત અનુગ્રહ કરે ! તે માટે તન-મન-ધનથી સેવા, શુદ્ધ વાણી અને પવિત્ર વર્તન, સૌમાં દિવ્યભાવ રાખવા રૂપી પુરુષાર્થ કરીએ તો કૃપા થાય. તેમાં કસર થવી ન જોઈએ તે હિસાબ રાખવાનો આજનો દિવસ !' પૂ. શાંતિદાદાના આશીર્વાદ અને સંતોએ છેડેલ મંગલાચરણના સૂરથી વાતાવરણમાં દિવ્ય આનંદ છવાયો, અલૌકિક શાંતિ અનુભવાઈ.

સંતોએ પૂજાવિધિમાં બિરાજેલ સૌ યજમાનોનાં પૂજન, કંકણ બંધન અને ખેસ દ્વારા સત્કાર કર્યા. શ્રી ઠાકોરજીને થાળ ધરાવાયો. સુવ્યવસ્થિત આયોજન મુજબ સૌ યજમાનોએ પ્રભુચરણે અર્પણ કરાયેલ શ્રી વહીઓનાં પૂજન અબીલ-ગુલાલ-કંકુ-પુષ્પ-ફળ આદિ સામગ્રીઓ દ્વારા કર્યાં. અલૌકિક વિધિના સાક્ષી અને નિમિત્ત બનીને સૌ યજમાનોના હૈયાને વિષે પણ અનેરો આનંદ છવાયો. આરતી અર્પણ કર્યા બાદ મંત્ર-પુષ્પાંજલિ અને આશીર્વાદ શ્લોકનાં ગાન દરમિયાન સંતભગવંત સાહેબજી અને સંતોએ પુષ્પવર્ષા તથા પ્રાસાદિક શ્રી લક્ષ્મી અર્પણ દ્વારા શુભાશિષ પાઠવી. ઉપસ્થિત પ્રત્યેક અક્ષરમુક્તોને પણ પ્રસાદરૂપે સંતો દ્વારા શ્રી લક્ષ્મી અર્પણ કરવામાં આવી. સંતભગવંત સાહેબજી દ્વારા લિખિત સંકલ્પનાં પઠન પૂ. ઉત્પલભાઈએ કર્યાં.

પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ આપ્યા, 'શ્રી સ્વામિનારાયણ ભગવાને 'શિક્ષાપત્રી'ના માધ્યમથી વ્યવહાર શુદ્ધિ, જીવન શુદ્ધિ અને પર્યાવરણ શુદ્ધિનો સુંદર માર્ગ ૧૮મી સદીમાં આપ્યો, જે આજે પણ શાશ્વત છે. લૌકિક અને આત્મિક કલ્યાણ માટે આળસ-ગાફલાઈ ત્યજી, સંતનાં વચને સેવા, ભક્તિ અને સ્વાધ્યાય કરવાની શીખ લેવાનું આ પર્વ છે. ભગવાન અને સંતને કેન્દ્રસ્થાને રાખી, ધર્મ સંબંધી કાર્ય તત્કાળ કરવું અને વ્યવહાર સંબંધી કાર્ય વિચારીને કરવું ; તો મોક્ષનું દ્વાર ઉઘાડું થાય અને ભગવાનના સુખે સુખી થવાનો અવસર સાંપડે. મંદિરનિર્માણની સેવા એ મોક્ષનું દ્વાર ઉઘાડી આપે તેવી ચાવી છે ! અને સુખની લહાણી કરે તેવા સાધુ પણ પ્રગટ છે, માટે હવે હિસાબ આપણે માંડવાનો છે !'

મુદ્દાના વચનામૃતનો મર્મ સમજાવી, વીતી ગયેલ વર્ષમાં પ્રભુભક્તિ કરવામાં જો કોઈ ભૂલ થઈ હોય તો તે અંગે ક્ષમા માંગી નૂતન વર્ષે અનેરા ભક્તિભાવથી જોડાવા સાહેબદાદાએ આશીર્વા પાઠવ્યા. શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, સંતભગવંત સાહેબજી, સર્વે ગુણાતીત સ્વરૂપો અને નૂતન મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મંદિર મહોત્સવના જયજયકાર સાથે સંવત ૨૦૭૫ના વર્ષને વિદાય આપી. ◆







દીપાવલી શુભપર્વે આરતી અર્પણ
અને શ્રી ઠાકોરજીના જયજયકાર !








નૂતન વર્ષની મંગલપ્રભાતે સંતભગવંત સાહેબજી દ્વારા શ્રી ઠાકોરજીને વંદન તેમજ મંગલ મિલન સભામાં સંતો દ્વારા સાહેબજી પ્રતિ હૃદયભાવ અર્પણ !

# નૂતન વર્ષ મંગલ મિલન ઉમંગ

૨૮ ઑક્ટોબર, સંવત ૨૦૭૬ના નૂતન વર્ષના પ્રથમ દિવસનો અલૌકિક આનંદ વહેલી સવારથી અનુભવાયો. સંતો અને ભક્તો મંગલ પરોઢે મંદિરમાં એકત્ર થયા. મંગળા આરતીમાં શ્રી ઠાકોરજી અને સંતભગવંત સાહેબજી સહિત સદ્‌ગુરુ સંતોનાં દર્શન કરી સૌ ધન્ય થયાં અને હૃદય મંદિર કરવાની પ્રાર્થનામાં ગરકાવ થયા. સવારે યોજિત નૂતન વર્ષ મંગલ મિલન સભા માટે સૌ સભામંડપમાં એકત્ર થયાં. મહોત્સવ ભજનના સુમધુર સંગીત સાથે સંતભગવંત સાહેબજીનાં સ્વાગત કરાયાં. સૌના અંતરના ભાવ ઝીલી સંતભગવંત સાહેબદાદા મંચ પર સ્વસ્થાને બિરાજમાન થયા, જાણે હૃદય સિંહાસને બિરાજ્યા ! અનુપમ મિશન પરિવાર વતી પૂ. ઉત્પલભાઈએ સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોનાં પૂજન કર્યાં તેમજ પૂ. દિલીપભાઈએ પુષ્પહાર અર્પણ કરી વંદનાઓ ધરી. તે દ્વારા સૌ ચૈતન્ય જનનીસમ સંતોના શ્રી ચરણોમાં હૃદયભાવ અર્પણ થયા. આ પ્રસંગે રાહુલ પટેલે સ્વરચિત ભજન-પ્રાર્થનાનાં ગાન કર્યાં ત્યારે સંતભગવંત સાહેબજીએ અત્યંત રાજી થઈ આશીર્વાદ સ્વરૂપે તેઓને પોતાની માળા તેનેઅર્પણ કરી. ત્યારબાદ પ્રથમ પૂ. શાંતિદાદા અને પછી પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ અર્પણ કર્યા. નૂતન વર્ષે હૃદય મંદિરમાં પણ પ્રભુની પ્રાણપ્રતિષ્ઠા થાય તે વિશેષ પ્રાર્થના ! પ્રભુના પ્રગટ સ્વરૂપ પ્રત્યેની વાસના એ જ નિર્વાસનિકતા અને એ જ ઉપાસના ! એવા પ્રગટ પ્રભુ, સંત સ્વરૂપે જે આપણને મળ્યા તે સાહેબજીનાં ગમતાંમાં જિવાય, તેમના થઈને રહેવાય, જીવન આખું ભક્તિસભર જીવવાના સંકલ્પ થાય તો શિષ્ય પર ગુરુની કૃપા વરસે અને પરમ મંગલ થાય. એવું સૌના જીવનમાં સાકાર થાય તે પ્રાર્થના !' ત્યારબાદ નૂતન વર્ષના સાહેબદાદાએ આશીર્વાદ પ્રદાન કર્યા કે, 'ભગવાનના સાંનિધ્યે નવા વર્ષની ઉજવણી કરવી એ અત્યંત આનંદદાયક છે. ભગવાન જ્યારે ગરજુ બને ત્યારે એ શક્ય થાય. પ્રભુએ આપણો હાથ પકડ્યો છે, સેવામાં જોડ્યા છે. તેઓ ગરજુ બન્યા છે માટે ભગવાન અને ગુરુની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનો મોકો આપ્યો છે. મંદિરનિર્માણની સેવામાં જોડાઈ, સર્વસ્વ અર્પણ કરી ધન્ય થવાનો અવસર આપ્યો છે. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ જે માટે પ્રગટ્યા તે શુદ્ધ ઉપાસનાના મંદિરની સેવા એ દુર્લભ છે, જે આપણને મળી છે. ભગવાનનું કાર્ય અટકે નહિ, પણ જો તેના નિમિત્ત બની શાણપણ રાખી સેવા કરી લઈએ તો બેડો પાર થઈ જાય !' આવી તકની સેવામાં યાહોમ કરવાના આશીર્વાદ સાથે સૌ અન્નકૂટ ઉત્સવમાં જોડાયા.

સ્થાનિક અને દૂરદૂરના ભક્તોએ ભાવથી બનાવેલ અસંખ્ય વાનગી-વ્યંજનો સંતો અને સ્વયંસેવકોએ ખૂબ ભાવથી કલાત્મક રીતે પારમિતા મંદિરમાં બિરાજમાન શ્રી ઠાકોરજી સમક્ષ ગોઠવ્યાં. તે માટે સંતોનાં









માર્ગદર્શને મધરાતથી સેવકોએ સેવાઓ આરંભી દીધી હતી. મંદિરની શોભા, શ્રી ઠાકોરજીનાં દર્શન અને અન્નકૂટની ભવ્યતા અલૌકિક હતી. મંદિર આખું ભક્તોથી ચિક્કાર ભરાયું હતું. બહાર સભામંડપમાં પણ અનેક ભક્તો સ્ક્રીન પર દર્શન કરી રહ્યા હતા. અને તેવામાં સંતોએ થાળનાં ગાન કરી પ્રભુને જમવા આવકાર્યા ! સંતભગવંત સાહેબજી અને સૌ ભક્તો આનંદે ઝૂમ્યા. અન્નકૂટમાં સર્જાયેલ પાકશાસ્ત્ર, સૌન્દર્યશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર, સંગીતશાસ્ત્ર, ઈજનેરીશાસ્ત્રની સુભગ સંવાદિતાને સમજાવી મનોજભાઈએ સૌની ભક્તિને બિરદાવી. સંતભગવંત સાહેબજીએ પણ સૌ પર પ્રસન્નતારૂપી આશિષવર્ષા કરી. અંતે અન્નકૂટ આરતી અર્પણ કરી સૌએ અન્નકૂટ મહાપ્રસાદ ગ્રહણ કર્યો. ◆

## ભાઈબીજ પર્વ

૨૯ ઑક્ટોબરે પારિવારિક સંવાદિતા પર્વ-ભાઈબીજની દિવ્ય ઉજવણી પારમિતા મંદિરે સંપન્ન થઈ. ઉમિફોઈએ પ્રાસંગિક ઉદ્બોધન કરી હૃદયભાવ પ્રગટ કર્યા. પારિવારિક સંવાદિતા પર સંતભગવંત સાહેબજીએ આપેલ ઉપદેશને 'આપણું ઘર, આપણી સંવાદિતા' પુસ્તિકા સ્વરૂપે અનુપમ મિશન દ્વારા પ્રકાશિત કરાયા છે, તેનો આધાર લઈ મનોજભાઈ સોનીએ અખંડ સુખ, શાંતિ અને આનંદ પામવાની સુંદર વાતો કરી. પૂ. શાંતિદાદા અને પૂ. અશ્વિનદાદાએ પણ તે અંગે માર્ગદર્શન પ્રદાન કરી આશીર્વાદ પાઠવ્યા. સંતભગવંત સાહેબજીએ નૂતન મંદિર મહોત્સવની આહલેક જગાડી, સંકલ્પ કરાવી, પારિવારિક સંવાદિતા પણ ભાર દઈ બળ પૂર્યાં અને આશીર્વાદ પ્રદાન કર્યા.

સભા બાદ દીકરીઓએ યોગીપ્રસાદના પ્રવેશદ્વારે ભક્તિનૃત્ય દ્વારા મહાપ્રસાદ માટે સંતભગવંત સાહેબજી અને સંતો-ભક્તોને આવકાર્યા. મિષ્ટ અન્ન પ્રસાદભાવે સ્વીકારી, પ્રભુનાં સંબંધી ચૈતન્યોમાં પણ મિષ્ટ ભાવ રહે તેવી પ્રાર્થનાઓ સાથે પ્રકાશપર્વો સંપન્ન થયાં ! ◆



સંવાદિતા પર્વ-ભાઈબીજની સભામાં સાહેબજીનાં આશીર્દાન











ભાઈબીજ પર્વે સ્વાગતનૃત્ય દ્વારા ભક્તિ અર્પણ કરનાર દીકરીઓને આશીર્દાન